જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**    **સમાચાર યાદી નં.૨૬૪/૨૦૨૦**

## સાયબર ક્રાઇમના આરોપીની અટકાયતની વિગત

**શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ**

## સાયબર ક્રાઇમના આરોપીઓને પકડી પાડતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૧ સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ડી” ડિવિઝન સાહેબના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમના ગુનાઓ શોધી કાઢવા સારૂ કરેલ સુચના મુજબ શહેરકોટડા પો.સ્ટે ફ.ગુ.ર.ન.-૩૬૪/૧૯ ઇ.પી.કો કલમ-૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઇ.ટી એક્ટ કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબના કામના ફરીશ્રી તથા સાહેદને આ કામના આરોપીઓએ અલગ અલગ મોબાઇલ નંબરો પરથી ફોન કરી રૂ.૧૦ લાખની લોન અપાવવાની લાલચ આપી લોનની અલગ અલગ પ્રોસીજર પેટે પૈસાની માંગણી કરી તે પૈસા પોતાના અલગ અલગ બેંક એકાઉન્ટોમાં ફરીશ્રી તથા સાહેદ પાસે નંખાવડાવી ફરીશ્રી તથા સાહેદ સાથે મળી કુલ્લે રૂ.૧૮,૯૯,૮૮૭/- છેતરપિંડી કરતા ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ થવા પામેલ.

ઉપરોક્ત ગુનાની ગંભિરતા ધ્યાને લઇ સીની.પોલીસ ઇન્સ્પેકટર.શ્રી વી.ડી.વાળા શહેરકોટડા પો.સ્ટે નાઓએ ઉપરોક્ત ગુનાની તપાસ અમોને સોંપતા અમોએ ગુનાની તપાસ સંભાળી ગુનાની તપાસ દરમ્યાન મળી આવેલ મોબાઇલ નંબરો તથા બેંક ડીટેલની માહિતી મંગાવી એનાલિસીસ કરતા આ કામના આરોપીઓ દિલ્લી ખાતેથી ફોન કરતા હોવાની તથા આ કામે આરોપીઓએ ઉપયોગમાં લિધેલ બેંક એકાઉન્ટોના ધારકોની વિગતો તપાસતા મોટા ભાગના બેંક એકાઉન્ટ ધારકો દિલ્લી ખાતેના હોવાની હકિકત જણાતા અત્રેના તાબાના પો.સબ.ઇન્સ.શ્રી વી.પી.ચૌધરી તથા પો.કો ચિરાગકુમાર આણંદભાઇ બ.ન.-૪૧૮૦ તથા પો.કો કર્મરાજસિંહ કરણસિંહ બ.ન.-૧૨૫૭૬ તથા ખાડીયા પોલીસ સ્ટેશનના હે.કો ભાગ્યદીપ મહેશકુમાર તથા યોગેન્દ્રસિંહ રઘુવીરસિંહ બ.ન.-૧૪૭૮ નાઓની સંયુક્ત ટીમ બનાવી જરૂરી માર્ગદર્શન આપી દિલ્લી ખાતે

તપાસમાં મોકલેલ જેઓએ દિલ્લી ખાતે તપાસ કરી આ કામે એકાઉન્ટ હોલ્ડર આરોપી (૧) વિરેન્દ્ર ઉર્ફે પિન્કુ સ/ઓફ રામચન્દ્ર વિદેશીરામ જાતે કુમાર (જાટવ) ઉ.વ.૨૮ રહે. મ.નં.એચ-૧૩૭ દક્ષીણપુરી આંબેડકરનગર સેક્ટર-૫ નવી દિલ્લી-૧૧૦૦૬૨ તથા મુખ્ય આરોપીને બેંક એકાઉન્ટો પ્રોવાઇડ કરનાર આરોપી (૨) વિશાલ ઉર્ફે પિન્ટુ સ/ઓફ વિજય ગીરધારી જાતે-રાના ઉ.વ.૨૬ રહે. ખસરા નં.૧૭/૬ નથ્થુ કોલોની ગલી નં.૧૨ અમ્રીત વિહાર બુરાડી થાના-સ્વરુપનગર દિલ્લી-૧૧૦૦૮૪ નાઓને તપાસ અર્થે લાવી અમારી સમક્ષ રજુ કરતા તેઓની પુછ-પરછ કરતા એકાઉન્ટ હોલ્ડર આરોપી વિરેન્દ્રને પોતાના બેંક એકાઉન્ટમાં જે પૈસા જમ થતા તેમાથી ૫% કમિશન મળતુ અને તેણે કમિશન સારૂ આરોપી વિશાલને પોતાનું બેંક એકાઉન્ટની ડીટેલ તથા એ.ટી.એમ કાર્ડ આપેલાની હકિકત જણાવેલ તથા આરોપી નં-(૨) વિશાલ રાણા નાની પુછ-પરછ કરતા આ કામે મુખ્ય આરોપી યોગેશ તોમર દિલ્લી ખાતે કોલ સેન્ટર ચલાવી લોકોને ફોન કરી લોનની લાલચ આપી પૈસા પડાવતો હોવાની અને પોતે તેને બેંક એકાઉન્ટો મેળવી આપતો હોવાની હકિકત જણાવેલ અને પોતે જે બેંક એકાઉન્ટો આપતો તેમા જે પૈસા જમા થતા તેમાથી પોતાને ૫% કમિશન મળતુ હોવાની હકિકત જણાવતા સદરી બન્નેને ઉપરોક્ત ગુનાના કામે તા-૦૬/૦૨/૨૦૨૦ ના કલાક-૨૨/૦૦ વાગ્યે પકડી અટક કરી સદરી બન્ને આરોપીઓના રીમાન્ડની પ્રોસીજર કરતા નામદાર કોર્ટે સદરી બન્ને આરોપીઓને તા-૧૪/૦૨/૨૦૨૦ સુધીના પોલીસ કસ્ટડી રીમાન્ડ ઉપર સોંપેલ છે. આ ગુનાની આગળની તપાસ પોલીસ ઇન્સ્પેકટર.શ્રી ડી.બી.ડાભી નાઓ ચલાવી રહેલ છે.

<u>આરોપીઓ</u>



# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગોમતીપુર પોલીસ સ્ટેશનઃ

## ઈસનપુર તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશન પોલીસ સ્ટેશન ખાતે બનેલ બે (૦૨) વ્હીકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઇંન્સ્પેકટરશ્રી એસ.આઇ.રઇશ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.કો જયેશભાઇ ગોવાભાઇ બ.નં.૮૪૬૧ તથા પો.કો દિનેશભાઇ ગેમરભાઇ બ.નં.૭૦૨૭ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે, "એક ઇસમ કે જેણે શરીરે પીળા તથા વાદળી કલરનુ ચેક્સ ડીઝાઇન વાળુ આખી બાયનુ શર્ટ તથા સલેટીયા કલરનુ પેન્ટ ટ્રેક પહેરેલ છે જે ઇસમ તેના કબ્જાનીમરૂન કલરનુ હોન્ડા એક્ટીવા જેની આગળ-પાછળ નંબર પ્લેટ લગાડેલ નથી તે લઇને ગોમતીપુર પોસ્ટ ઓફીસ તરફથી આવી અત્રે થઇ ગોમતીપુર મદનીમહોલ્લા તરફ જવાનો છે અને સદરી ઇસમે તેની પાસેનુ આ હોન્ડા એકટીવા ચોરી અગર તો છળ કપટથી મેળવેલ છે" જે હકીકત આધારે સદર એકટીવા ચાલક સદ્દામહુસૈન સ/ઓ અબ્દુલવકાર અબ્દુલવહાબ શેખ ઉ.વ.૨૯ રહે.મદની મહોલ્લો નવ મસ્જીદનીસામેરાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર નાનો મળી આવેલ જેની પાસે એકટીવા અંગેના પુરાવા માગતા નહી હોવાનુ જણાવેલ અને જે એકટીવા જેની આગળ-પાછળ નંબર પ્લેટ ન હોય જેનો એન્જીન નંબર JF50EU6193732 તથા ચેચીસ નંબર ME4JF509BHU193685 નો લખેલ છે. જેની કિ.રૂ.૨૫,૦૦૦/- ગણી સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ પંચનામા વિગતે તપાસ અર્થે કબ્જે કરી સદરી એકટીવા સાથે પકડાયેલ ઇસમને તા.૦૭/૦૨/૨૦૨૦ ના કલાકઃ ૨૨/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ છે. સદર ઇસમની પુછપરછ દરમ્યાન તેણે જણાવેલ કે આજથી દસેક દિવસ અગાઉ ઇસનપુર આંબેડકર નગરની ગલી નં-૧ આગળથી રાત્રીના સમયે ચોરી કરેલાનુ જણાવેલ. જે બાબતે તપાસ કરતા ઇસનપુર પોલીસ સ્ટેશન પાર્ટ-A 11191022200142 IPC 379 મુજબનો ગુનો દાખલ થયેલ છે.

બાદ આ કામે પકડાયેલ આરોપીને વધુ પુછપરછ કરતા તેણે જણાવેલ કે તેણે આજથી એકાદ મહીના પહેલા કાંકરીયા ગેટ નં.૦૨ ની સામે આવેલ સમર્પણ હોસ્પીટલના પાર્કિંગમાંથી એક એકટીવા ચોરી કરેલ છે અને તે એકટીવા તેના ઘર આગળ મુકેલ છે જે હકીકત આધારે સદરીના મકાનની આગળ બે પંચો સાથે તપાસ કરતા તેના ઘર આગળ તપાસ કરતા એક સફેદ કલરનુ નંબર પ્લેટ વગરનુ એકટીવા હોય જે એકટીવાનો એન્જીન નંબર JF50EU3175439 તથા ચેચીસ નંબર કાઢી નાખેલ છે. જેની કિ.રૂ.૧૫,૦૦૦/-ગણાય જે તપાસના કામે કબ્જે કરેલ છે. જે એકટીવા બાબતે તપાસ કરતા કાગડાપીઠ પોલીસ સ્ટેશન પાર્ટ-A 11191022200022 IPC 379 મુજબનો ગુનો દાખલ થયેલ છે.

આમ, ઈસનપુર પોલીસ સ્ટેશન તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ બે (૦૨) વ્હીકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી સારી કામગીરી કરેલ છે.